<u>સી.સી.નં – ૩૪૪/૨૦૨૨</u>

## <u>આંક–૦૧ હેઠળ હુકમ</u>

૧) આજ રોજ ફરીયાદી હાજર નથી તેમના વિ.વ.શ્રી હાજર નથી. આરોપી હાજર નથી.

૨) આ કામે હાલની ફરીયાદ ફરીયાદી ધ્વારા આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ તા.૧૯–૦૩–૨૦૨૨ ના રોજ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ જેમા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી સામે નોગો. ઈ.એ.ની કલમ–૧૩૮ની ફરીયાદ સી.આર.પી.સીની કલમ–૨૦૪ મુજબ સમન્સ ઈસ્યુ કરેલ.

૩) સદર કામે થયેલ હુકમ મુજબ આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ તે બાદ આરોપીને પ્રોસેસની બજવણી થઈ ગયેલ હોય આરોપી કોર્ટમાં હાજર થતા ન હોય ત્યારબાદ ફરીયાદી તર્ફે આરોપી સામે વોરંટની અરજી આપલી ત્યારબાદ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી કોર્ટમાં હાજર રહેલા નહી કે આરોપીને પ્રોસેસ/વોરંટ બજાવવાના પ્રયત્ન કરેલા નહી. ત્યારબાદ ફરીયાદી કોર્ટમાં હાજર રહેતા ન હોય તા.૨૯–૦૫–૨૦૨૬ ના રોજ ફરીયાદીને નોટીસ કાઢતા તેઓને તે બજી ગયેલ જેને આંક–૧૦ થી રજુ છે તેમ છતાય આજ દિનસુધી ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. હાલની ફરીયાદ સને ૨૦૨૨ થી પેન્ડીંગ છે તેમજ ફરીયાદી પણ આરોપીને પ્રોસેસ બજવણી કરવાના પ્રયત્ન કરતા ન હોય, ફરીયાદીને સદર ફરીયાદ આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતુ નથી. ફરીયાદીને આરોપી વિરુધ્ધ પ્રોસેસ બજવણીની ધણી તકો આપવામાં આવેલ છે તેમજ ફરીયાદીને નોટીસ બજેલ છે તેમ છતાંય આજ રોજ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી પોકાર કરતા હાજર રહેલા નથી કે તેઓ તર્ફે કોઈ રજુઆત ન હોય, જેથી હાલની ફરીયાદ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

આથી હાલની ફરિયાદ ફરીયાદીની કસુરના કારણે રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવામાં આવે છે.

હુકમ આજ તા ૨૮ માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬<br>
કોટડા સાંગાણી

(કે. બી. ભાવસાર)<br>
જે. એમ.એફ.સી, કોટડા સાંગાણી<br>
જી.જે. ૦૧૭૫૫